સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે
સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન
કરનાર વ્યકિતને **"પૂજય રવિશંકર**
**મહારાજ"** એવોર્ડ એનાયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૧૦૩/નબા–૨/અ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૭/૪/૨૦૦૫

વંચાણે લીધાઃ– (૧) સા.ન્યા. અને અ.વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૪ના સરખા ક્રમાંકનો ઠરાવ.
(૨) સા.ન્યા. અને અ.વિભાગના તા.૪/૨/૨૦૦૫ના સરખા ક્રમાંકનો ઠરાવ.
(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૮/૧૨/૨૦૦૫નોઅ.સ.પત્ર વિજાક/જનરલ/એવોર્ડ/૦૪–૦૫/૬૨૭૧.
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તારીખ ૨૯/૩/૨૦૦૫ના પત્ર ક્રમાંકઃ કઃવિજાક/જનરલ/એવોર્ડ/૦૪–૦૫/૧૭૪૬.

ઠરાવ :–

આ વિભાગના તા.૨૧/૧૨/૨૦૦૪ના સરખા ક્રમાકંના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ સહિત સમાજના નબળા વર્ગના ઉત્કર્ષ માટે તથા સામાજિક સમજદારીને પ્રોત્સાહન આપી સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન પ્રદાન કરનાર વ્યકિતને **"પૂજય રવિશંકર મહારાજ"** એવોર્ડ' આપવાની યોજના અમલમાં છે. આ યોજનાના આદર્શોને અનુરૂપ, તેના પ્રવર્તમાન ધારાધોરણો/શરતોમાં સુધારો/વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી, વિચારણાને અંતે નીચે મુજબની વધુ જોગવાઈઓ કરવામાં આવે છે.

.......૨/–

**એવોર્ડની શરતો :–**

(૧) આ યોજનાના પરિશિષ્ટ 'અ' માં દર્શાવેલ (ફકરા – ૨) એવોર્ડનીશરતોમાં શરત (૭) પછી નીચે મુજબનો ઉમેરો કરવો :–

(૮) આ એવોર્ડ માટે જો કોઈ વ્યકિતએ અરજી કરેલ ન હોય તો પણ એવોર્ડ માટે કોઈ ભલામણ મળી હોય અથવા તો સમિતિ કે સમિતિના સભ્યશ્રીએ ભલામણ કરેલ હોય તો તે પણ ધ્યાને લેવી.

(૯) એવોર્ડ માટે પસંદગી પામતી વ્યકિતની લેખિત સંમતિ મેળવવાની રહેશે.

**એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ :**

(૨) આ પરિશિષ્ટના ફકરા – ૩ માં દર્શાવેલ એવોર્ડ માટે ભલામણ કરવાની વિધિ અંગેની જોગવાઈ (૪) પછી નીચે મુજબનો ઉમેરો કરવો :–

(૫) આ એવોર્ડ માટે જો કોઈ વ્યકિતની અરજી ન હોય તો પણ એવોર્ડ માટે પસંદગી નિર્ણાયક સમિતિના સભ્યો તેની યોગ્યતા/ પાત્રતાને ધ્યાને લઈ એવોર્ડ માટે ભલામણ કરી શકશે.

(૩) આ એવોર્ડ આપવા માટે પરિશિષ્ટના ફકરા – ૪ માં દર્શાવેલ પૂજ્ય રવિશંકર મહારાજના જન્મ દિવસ(મહાશિવરાત્રી)ના રોજની જોગવાઈ પણ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.આર. ભુરીયા)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માનનીય વિરોધ પક્ષના નેતા, ગુજરાત વિધાન સભા, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા, સચિવાલય, ગાંધીનગર.
સમિતિના સંબંધિત સભ્યશ્રીઓ તરફ (પત્ર દવારા)
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

........૩/–

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ
મહેતા ભવન, ગાંધીનગર.
જિલ્લાઓના સર્વે નાયબ નિયામકશ્રીઓ, (વિકસતી જાતિ)
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકસતી જાતિ)
સર્વે કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, 'બ' શાખા, સચિવાલય,
ગાંધીનગર.
સિલેકટ ફાઈલ.